જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૧/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૮૪/૧૮

## ઇપીકો કલમ ૩૦૭ ના ગુનામાં નાસતા ફરતાં આરોપીને પકડી પાડતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓએ મીલકત સબંધી બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા તેમજ એસ.ઓ.જી.ના હેડને લગતી કામગીરી કરવા સારું આપેલ સુચના મુજબ અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પોસઇ શ્રી એન.એન.રબારી તથા પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એ.વી.શીયાળીયા નાઓની ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન હે.કો.ફીરોઝખાન નસરુદીન તથા હે.કો.રાજેન્દ્રકુમાર હીરાલાલ નાઓની બાતમી હકીકત આધારે વેજલપુર એપીએમસી માર્કેટ પાસે એએમટીએસ બસ સ્ટેન્ડ પાસેથી આરોપી અશરફ જહાંગીરભાઇ શેખ ઉવ.૨૯ ધંધોઃનોકરી રહે, રામલાલનો ખાડો, શાહપુર દરવાજા બહાર, માધુપુરા અમદાવાદ શહેર વાળાને ઝડપી લેવામાં આવેલ. જેની પુછપરછ કરતાં વાડજ પોલીસ સ્ટેશનનાં મારામારીના ગુનામાં નાસતો ફરતો હોવાનું જણાવેલ. ઉપરોકત બાબતે તપાસ કરાવતાં વાડજ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૧૫/૧૮ ઇપીકો કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪ (ખ), ૧૧૪ તથા જીપી એક્ટ ૧૩૫ (૧) મુજબનો ગુનો દાખલ થયેલ હોય અને સદર આરોપી નાસતો ફરતો હોય સદરી આરોપીને આજરોજ તા.૨૮/૦૧/૨૦૧૮ ના કલાક ૧૬/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ પકડી અટક કરી વધું તપાસ અર્થે વાડજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરવામાં આવેલ છે.

<u>ગોમતીપુર પોલીસ સ્ટેશન :</u>

## <u>એક આંખે અને એક પગે પરપ્રાંતી અપંગ વ્યક્તિને પોલીસ આરક્ષણમાં લઇ માનવીય અભિગમ દાખવી તેના વાલી / ઉત્તરાખંડ રાજ્યના જ્વાલપુર પોલીસને સોપતી ગોમતીપુર પોલીસ</u>

---

ગઇ કાલ તા.૨૬/૦૧/૧૮ના રોજ અમો તથા સિલ્વર પો. ચોકીના પો.સ.ઇ.શ્રી એસ.એમ.ડામોર તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાના ફરતા ફરતા કલાક ૧૮.૩૦ વાગ્યાના સુમારે S.R.K હેર સલુન પોપટીયાવાડ, ગોમતીપુર અમદાવાદ ખાતે આવતા એક ઇસમ જે એક આંખે અને એક પગે અપંગ અને નિરાધાર અને પોતની શરીર સ્થિતીની સંભાળ નહી રાખી શકતો નિ:સહાય હાલતમાં જણાતા તેને રોકી વિશ્વાસમાં અને પોલીસ આરક્ષણમાં લઇ સદરીનુ નામઠામ પુછતા પોતે પોતાનુ નામ **અમીત કુમાર S/O જયસીંગ પાલસીંગ રહે. મ.નં. ૫૨૮, પાંડેવાલા, ગુગાર રોડ, જ્વાલપુર થાના, હરદ્વારા ઉત્તરાખંડ** નાનુ હોવાનુ જણાવેલ અને આ બાબતે ઉંડાણપૂર્વકની તલસ્પર્શી તપાસ દરમ્યાન જાણવા મળેલ કે સદરી ઇસમ નાનો ગઇ તા.૨૩.૦૧.૨૦૧૮ ના રોજ વહેલી સવારના પોતાના ઘરેથી ગુમ થયેલ છે.

જે બાબતે ઉત્તરાખંડ રાજયના હરદ્વાર શહેરના જ્વાલપુર પો.સ્ટે. ખાતે G.D No..27/2018 તા.૨૬.૦૧.૨૦૧૮ તથા Missing Person Registration No. 06/2018 થી નોધાયેલ હોય અત્રે ગોમતીપુર પો.સ્ટે. ખાતે જરુરી સ્ટે.ડા નોધ રાખી સદરી બાબતે ઉત્તરાખંડ-હરદ્વાર પોલીસને જાણ કરતા આજરોજ તા.૨૭.૦૧.૨૦૧૮ના રોજ ઉત્તરાખંડ હરદ્વારના આ કામના ત.ક.અધિ.શ્રી S.I. લક્ષ્મી પ્રસાદ નાઓ ગુમથનારના ભાઇ સાથે આવતા તેઓને સદરી ગુમથનાર / ભોગ બનનારનો કબ્જો સોપી, ઉત્કૃષ્ટ માનવીય અભિગમ દાખવી શ્રેષ્ઠ અને ઉમદા કાર્યવાહી કરેલ છે. તા.૨૭.૦૧.૨૦૧૮

**દાણીલીમડા પોલીસ સ્ટેશન :**

## જુગારનો ક્વોલીટી કેસ શોધી કાઢતી દાણીલીમડા પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા અધિક નાયબ પો.કમિ.શ્રી "કે" ડીવીઝનનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદેર રીતે ચાલતા પ્રોહિ/જુગારના કેસો શોધી કાઢવા સુચના મળતા તેમજ સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સિનિયર પોલીસ ઇન્સપેક્ટરશ્રી આર.કે.અમીન તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. આર.જી.ખાંટ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા દાણીલીમડા મંગલવિકાસ ચાર રસ્તા આગળ જાહેર રોડ ઉપર આવતા સાથેના હે.કો ભરતકુમાર ધુળાભાઇ તથા પો.કો ગોપાલભાઇ દેવાભાઇ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે આરોપીઓ નં.(૧) મહંમદહુસેન ઉર્ફે ટેમ્પો મુન્નાભાઇ શેખ ઉવ.૪૫ રહે. મ.નં.૧૨૨/૬ પરિક્ષીતલાલ નગર બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર + ૧૧ = ૧૨ નાઓને દાણીલીમડા કબાડી માર્કેટ નં.૩ આર્યન માર્કેટ ખાતે આવેલ ઓફિસની અંદર પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી રમતા <u>(૧) ગંજી પાના કુલે નંગ- ૧૦૪ કિ,રુ.૦૦/૦૦ તથા (૨). રોકડ નાણા રુ.૪૬,૦૩૦/- તથા (૩) ટુ વ્હીલ નંગ- ૧ કિ.રૂ.૪૦,૦૦૦/-તથા (૪)</u> અલગ-અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૩ કિં.રૂ.૨૫,૦૦૦/- (૫) <u>ચાદર નંગ-૨ કિં.રૂ.૦૦/- મળી કુલે કિ,રૂ.૧,૧૧,૦૩૦/</u> ના મુદ્દામાલ સાથે પકડી લઇ સદરી આરોપીઓ વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ક્વોલીટી કેસ શોધી કાઢેલ છે.

**રામોલ પોલીસ સ્ટેશન :**

## નાસતા-ફરતા આરોપીને પકડતી રામોલ પોલીસ

## અમદાવાદ શહેર

ઉપરી અધિકારીશ્રીઓ તરફથી મળેલ સુચના આધારે અમોએ સર્વે સ્કોડ ઇંચાર્જ શ્રીનાઓને સુચના કરેલ કે અવાદ શહેર વિસ્તારમાં ગુનાના કામે પકડવાના બાકી આરોપીઓની તપાસમાં રહેવા અને મળી આવે કાયદેસર કરવા સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એ.ઓ.ભરવાડ સાહેબ નાઓ સ્ટાફના માણસોની સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ૧૭/૦૦ વાગે સીટીએમ ચાર રસ્તા ખાતે આવતા પો.કો રણજીતસિહ સુખદેવસિહ તથા પો.કો ભરતભાઈ મનુભાઈ બ.નં.૫૫૫૨ નાઓએ પો.સ.ઇશ્રી નાઓને સંયુકત બાતમી હકીકત આપેલ કે એક ઇસમ નામે અરવિદસિહ @ રાજા નાનો જેને નેવી બ્લ્યુ કલરનો લોઅર તેમજ બ્લ્યુ કલરની ટી શર્ટ પહેરેલ છે તે <u>ઓઢવ પોસ્ટે સેકંડ ગુ.ર.નં. ૩૨૧૦/૧૬ અનૈતિક વેપાર નિવારણ અધિનિયમ ૧૯૫૬ ની કલમ ૩,૪,૫ અને ૧૦ મુજબના</u> કામે છેલ્લા દોઢેક વર્ષથી નાસ્તો ફરે છે તે ઇસમ એક્સપ્રેસ હાઇવેના બસ સ્ટેંડ આગળ ઉભેલ છે જે આધારે પો.સ.ઇ નાઓએ બે પંચો રુબરૂ સદરી ઇસમને રોકી લીધેલ અને પંચો રૂબરૂ સદરી નુ નામઠામ પુછતા તેણે પોતાનુ <u>અરવિદસિહ @ રાજા સન/ઓફ ભરવરસિહ ઉદેસિહ રાવ રાજપુત ઉવ ૨૧ રહે મનુસાહેબની ચાલી સીએનસી પાસે ઓઢવ અવાદ</u> નાનો હોવાનુ જણાવેલ જેને સીઆરપીસી કલમ ૪૧(૧) આઇ મુજબ તા.૨૭/૦૧/૨૦૧૮ ના કલાક ૧૭/૪૫ વાગે પકડી અટક કરેલ છે.

**<u>શાહીબાગ પોલીસ સ્ટેશન :</u>**

તા.૨૭/૦૧/૨૦૧૮ નારોજ અમો તથા સ્ટાફના માણસો સાથે મે.અધિક પોલીસ કમીશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમીશનરશ્રી ઝોન-૪ તથા અધિક નાયબ પોલીસ કમીશનર શ્રી એફ ડીવીઝન નાઓની સુચનાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમીયાન બાતમી હકીકત મળેલ કે શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૫૪ તથા પોક્સો એકટ કલમ ૭, ૮ મુજબના ગુનાનો તથા શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબાના ગુનાનો સી. આર. પી. સી. કલમ.૭૦ વોરંટ ના કામે નાસતો ફરતો આરોપી : મહેશભાઈ ઉર્ફે નાનું S/O વિઠ્ઠલભાઈ શકરાભાઈ પટણી (લેલીવાળા) ઉ.વ.૧૯ ધંધો.શાકભાજીનો વેપાર રહે-હાલ રહે- મોતીશા પાણીની ટાંકી, પાટણ (કિરણભાઈ મફાભાઈ પટણી(ફાકુવાળા) નાઓના ઘરે ) તથા ગીરીવન સોસાયટી, કુબેશ્વર મહાદેવ, મેમ્કો રોડ, અમદાવાદ શહેર નાઓને ચમનપુરા ચકલા શાહીબાગ ખાતે થી પકડી લઇ શાહીબાગ પોલીસ સ્ટેશન ફ. ગુ. ર. નં. ૧૫૯/૨૦૧૭ ના કામે તા.૨૭/૦૧/૨૦૧૮ કલાક:૧૩/30 વાગે અટક કરેલ છે. આમ,બન્ને ગુનાના આરોપીને પકડી બન્ને ગુના શોધી કાઢવામાં આવેલ છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**